# સેકટરોના શોપિંગ સેન્ટરોમાંથી ૨૦ શેડ તોડી પડાયા

## સે-૧૧ માં હવેલી આર્કેડ બિલ્ડીંગમાં ત્રણ લોખંડની સીડી પણ દુર કરાઇ : વેપારીઓએ ઉભા કરેલા ઓટલા પર બુલડોઝર ફરી વળ્યુ





ગાંધીનગર તા ૧૪

શહેરના સે-૨૨ તેમજ સે-૨૮ માં આજે દબાણતંત્ર દ્વારા દુકાનોને અનુલક્ષી તાંણી બાંધવામાં આવેલા શેડના દબાણો દુર કરાયા હતા. જયારે સે-૧૧ સ્થિત હવેલી આર્કેડ બિલ્ડીંગમાં ઉભી કરાયેલી લોખંડની ત્રણ સીડી પણ દુર કરાઇ હતી. સે-૧૧ માં વેપારીઓ દ્વારા દુકાનો નજીક મોટા ઓટલા બનાવી દેવાતા દબાણતંત્રનુ બુલડોઝર તેના પર ફરી વળ્યુ હતુ. ૨૦ જેટલી દુકાનોના શેડ પણ દુર કરી દબાણોનો સફાયો કરાયો હતો.

શહેરના વાણિજય સંકુલો દબાણ તંત્રની લપેટમાં આવતા શોપિંગ સેન્ટરો તેમજ કોર્મશિયલ કોમ્પેલક્ષો આસાપાસથી દબાણો દુર કરવાની કામગીરી તેજ ગતિએ હાથ ધરવામાં આવી છે. ગઈકાલે પણ સે-૧૧ માં હેતુફેર ઉપયોગ બદલ ૨૨ જેટલી દુકાનો શીલ કરવામાં આવી હતી. જયારે સે-૭ માં ૧૦ જેટલી દુકાનોના શેડના દબાણો પણ દુર કરાયા હતા. દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન પ્રથમ તબક્કામાં તંત્ર લારી ગલ્લા પર ત્રાટકતા મોટા દબાણો દુર ન કરી તંત્ર પક્ષપાતી વલણ રાખતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. જયારે શહેરમાં શોપિંગ સેન્ટરો અને કોર્મશિયલ વિસ્તારમાં દબાણોની ભરમાર હોવાના આક્રોશ સાથે આ દબાણો પણ દુર થાય તેવી માંગ ઉઠવા પામી હતી. જયારે આ દબાણો દુર કરવા માટે પણ તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરતા સેકટરોના વેપારીઓમાં ફફડાટ પ્રવર્તયો છે.

● અનુસંધાન પાના - ૭ પર

## આવતીકાલથી જિલ્લામાં ઓનલાઈન એન.એ. મંજૂરીના પાયલોટ પ્રોજેક્ટનું ટ્રાયલ રન

ગાંધીનગર, તા. ૧૪

આગામી ૧૬મી ઓગષ્ટથી જિલ્લામાં ઓનલાઈન એન.એ.ની મંજૂરી અંગેના પાયલોટ પ્રોજેક્ટનું ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવશે. આ માટે તંત્રએ તેની તૈયારીઓ પુરી કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે ઓનલાઈન એન.એ.ની મંજૂરી માટે ૧૫ દિવસ, ૪૫ દિવસ અને ૯૦ દિવસની સમયમર્યાદામાં વિભાજીત કરવામાં આવેલ છે. જેમાં એન.એ. માટેની ઓનલાઈન અરજી મળ્યા બાદ એક સ્કુટીની કમિટી નાયબ કલેક્ટરના વડપણ હેઠળ બનાવવામાં આવી છે જેમાં પાંચ કર્મચારીઓ ફરજ બજાવશે.

અરજદારે એન.એ.ની અરજી સાથે જમીનના કબ્જેદારો જેટલા હશે તેમના બધાના જ અલગ અલગ સોંગદનામા અરજી સાથે આપવાના રહેશે.

આ સ્કુટીની કમિટીને પછી જરૂરી લાગશે તેવા અભિપ્રાયો રજુ કરવા માટે અરજદારનો જણાવવામાં આવશે. જે ઓનલાઈન જ આપવાના રહેશે.

આ પછી કમિટી દ્વારા ચીટનીસ અને ત્યાંથી આર.એ.સી. સમક્ષ ફાઈલ રજુ થશે ત્યારબાદ યોગ્ય નિર્ણય માટે કલેક્ટર સમક્ષ આ અરજી આવેથી તેનો યોગ્ય નિર્ણય કરાશે.

અરજીઓના નિકાલ માટે ગ્રીન, યલો અને રેડ પેનલો પણ ડિઝાઈન કરાઈ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જે અરજદારની અરજીની સ્કુટીની દરમ્યાન જ બધુ ખબર પડશે. સ્થળતપાસ કે રેકર્ડ ચકાસણી સહિતની કામગીરી કરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

આ ઓનલાઈન એન.એ.માં સમયમર્યાદાનો ગાળો ૧૫ થી ૯૦ દિવસ નિયત કરાયો છે જેમાં પણ ઘટાડો કરાયો હોવાનો દાવો તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે. ૮૦ હજાર જેટલી ડેટાબેઝ તૈયાર થઈ ગઈ હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે. આ નવી પદ્ધતિથી પારદર્શિતા અને કામગીરીની ગતિમાં નોંધપાત્ર બદલાવ જોવા મળશે તેવો દાવો તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

જો કે આ પ્રોજેક્ટનું ટ્રાયલ રન છે અને તે પછી તેના અમલીકરણમાં આગળ વધવામાં આવશે તેમ પણ અધિકારીઓના સૂત્રોએ ભારપૂર્વક જણાવ્યુ છે.

## ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ડેન્ગ્યુના વધુ ૩ કેસ મળ્યા

**અતિ સંવેદનશીલ બનતો વિસ્તાર : તંત્ર દ્વારા સર્વેલન્સ એન્ટીલારવેલ, ફોગીંગ સહિત જનજાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યુ છે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરને અડીને વિકાસ પામી રહેલ ન્યુ ગાંધીનગર વિસ્તાર એ વાહકજન્ય રોગચાળા માટે અતિ સંવેદનશીલ બની ઉભરી રહેલ છે. સરગાસણ, કુડાસણના સોસાયટી વિસ્તારમાંથી ડેન્ગ્યુના ત્રણ નવા કેસ મળી આવ્યા છે. જિલ્લામાં વરસાદનો માહોલ નથી પરંતુ ભેજવાળુ અને સતત વાદળછાયુ વાતાવરણ એ મચ્છરની ઉત્પત્તિ સાયકલનને સઘન બનાવવા માટે સૌથી સાનુકૂળ છે એટલુ જ નહિ ઓગષ્ટ માસમાં દર વખતે જે વાહકજન્ય રોગચાળાના કેસો વધવાનો ટ્રેન્ડ છે તે જળવાઈ રહેવા પામ્યો હોવાથી તંત્રએ પણ આ વખતે એન્ટીલારવેલ અને ફોગીંગની કામગીરીને વધુ સઘન બનાવી છે.

મળતી વિગતો પ્રમાણે સરગાસણના સોસાયટી વિસ્તારમાંથી બે કેસ ડેન્ગ્યુના મળી આવ્યા છે. તો કુડાસણના વૃંદાવન બંગ્લોઝમાં એક બાળક ડેન્ગ્યુમાં સપડાયું છે. આ વિસ્તારમાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે. જો કે રોગચાળો વકર્યો છે તેવી સ્થિતિ નહિ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી પણ હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યુ હતુ. જરૂર પડ્યે દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં ફોગીંગ પણ કરવામાં આવી રહ્યાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરી વિસ્તારને અડીને આવેલ ન્યુ ગાંધીનગર એ વિકાસ પામતો વિસ્તાર છે અહિ ૮૯થી વધુ કન્સ્ટ્રક્શન સાઈટો પણ હાલ ચાલુ છે ત્યારે તંત્રએ તેનુ સમગ્ર ધ્યાન આ વિસ્તારમાં વધુ કેન્દ્રીત કર્યુ છે. અહિ જનજાગૃતિ અભિયાન અંતર્ગત મેલેરિયા અને વાહકજન્ય રોગચાળાથી બચવા માટેના સરળ તેમજ ઘરગથ્થુ ઉપચારોના વોટ્સએપ મેસેજ પણ ફરતા થયા છે.

## ગાંધીનગરના ૬ પોલીસ અધિકારીઓને વિશિષ્ટ અને પ્રસંશનીય સેવા બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક

**પ્રજા અને પોલીસ વચ્ચેનો સેતુ મજબુત કરવામાં પ્રયાસરૂપ ફરજનિષ્ઠ અને જાંબાઝ અધિકારી આર. બી. બ્રહ્મભટ્ટને વિશિષ્ટ સેવા અંગે રાષ્ટ્રપતિ ચંદ્રક**

ગાંધીનગર તા ૧૪

સ્વાતંત્રય પર્વની ઉજવણીને અનુલક્ષી ગુજરાત રાજય પોલીસ દળના કુલ ૨૯ પોલીસ અધિકારીઓ અને જવાનોને વિશિષ્ટ અને પ્રસંશનીય સેવા બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. ગાંધીનગરના પણ ૬ પોલીસ અધિકારીઓનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે. જેમાં પોલીસ મહાનિર્દેશકની કચેરીમાં આઈ બી માં ફરજ બજાવતા પોલીસ મહાનિરીક્ષક આર બી બ્રહ્મભટ્ટને પણ વિશિષ્ટ સેવા અન્વયે મેડલ એનાયત કરાશે. આર બી બ્રહ્મભટ્ટે અગાઉ ગાંધીનગરના એસ પી તરીકે પણ ઉમદા ફરજ અદા કરી પોલીસ અને પ્રજા વચ્ચેનો સેતુ વધુ મજબુત કરવાનો પ્રયાસ કર્યો હતો. જયારે હાલ પણ તેમની ફરજનિષ્ઠાના અનેક દાખલાઓ પોલીસતંત્ર માટે પણ પ્રેરણાદાયી છે.



સ્વતંત્ર દિવસના પ્રસંગે ગુજરાત રાજયમાં પોલીસદળમાં ફરજ બજાવતા ૨૯ પોલીસ અધિકારીઓ અને જવાનોને રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. વિશિષ્ટ સેવા તેમજ પ્રસંશનીય સેવાને અનુલક્ષી આ એવોર્ડ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરના ૬ પોલીસ અધિકારીઓને પણ આ સન્માન પ્રાપ્ત થશે. જેમાં પોલીસ મહાનિરીક્ષક આર બી બ્રહ્મભટ્ટને વિશિષ્ટ સેવા અંગેના રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આર બી બ્રહ્મભટ્ટે અગાઉ ગાંધીનગરના એસ પી તરીકે પણ ઉમદા ફરજ અદા કરી લોકોના હૃદયમાં આગવુ

● અનુસંધાન પાના - ૭ પર

## હાર્દિક પટેલ નિકોલમાં ઉપવાસ કરશે

પાટીદારોને અનામત આપવાની માંગણી સાથે પાસના કન્વીનર અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલે તા.૨૫ ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ પર બેસવાની કરેલી જાહેરાત અનુસંધાનમાં આજે ૧૩ દિવસના સમગ્ર કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. બીજીબાજુ, હાર્દિક પટેલે અમ્યુકો સત્તાધીશો પાસે નિકોલ સહિતના વિસ્તારમાં વિશાળ ખુલ્લા મેદાનમાં આરણાંત ઉપવાસને લઈ સત્તાવાર મંજૂરી માંગી હતી પરંતુ અમ્યુકો સત્તાવાળાઓએ નિકોલના મેદાનોને પાર્કિંગ પ્લોટ તરીકે જાહેર કરી દીધા હતા. જેના પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા.

### બેસણું

અમારા ભાઈશ્રી ભરતકુમાર ઈશ્વરલાલ જોષી નું દુઃખદ અવસાન તા.૧૨.૮.૨૦૧૮ ને રવિવારે થયેલ છે. સદ્દગત નું બેસણું તા.૧૬.૮.૨૦૧૮ ને ગુરૂવારે સમય : ૩ થી ૬ કલાકે રાખેલ છે. પ્રભુ તેમના આત્મા ને શાંતિ આપે.

ગં.સ્વ. વસંતબેન ઈશ્વરલાલ જોષી
શ્રી નટવરલાલ ઈશ્વરલાલ હેડાઉ — શ્રી ગુલાબભાઈ ઈશ્વરલાલ જોષી
શ્રી પીયુષભાઈ ઈશ્વરલાલ જોષી — શ્રી દુષ્યંતકુમાર ઈશ્વરલાલ જોષી
કિરણકુમાર, કૃણાલ, સ્મીત, ઓમ



સ્વ.શ્રી ભરતકુમાર ઈશ્વરલાલ જોષી

સ્થળ: બ્લોક નં. ૪૧/૧ 'ચ' ટાઈપ, સેકટર - ૨૯, ગાંધીનગર મો. ૯૮૭૯૭૦૪૧૦૩, ૭૪૦૫૪૮૫૨૮૦


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



૭૨ મા સ્વાતંત્ર્ય દિન નિમીત્તે હાર્દિક શુભકામનાઓ...
**બનાસ બેંક** Since 1959
વધુ સરળ, વધુ ઝડપી લોન
આપણી બેંક બનાસ બેંક

| હોમ લોન | | વ્હીકલ લોન | | વેપારીઓ માટે CC/HP | |
|---|---|---|---|---|---|
| લોનની રકમ | : રૂા. ૪૦ લાખ સુધી | લોનની રકમ | : ક્વોટેશનના ૮૫% (મહત્તમ રૂા. ૧૦ લાખ) | લોનની રકમ | : રૂા. ૪૦ લાખ સુધી |
| સમયગાળો | : ૨૦ વર્ષ | સમયગાળો | : ૫ વર્ષ | સમયગાળો | : ૧ વર્ષ |
| વ્યાજદર | : ૧૦%* | વ્યાજદર | : ૧૧%* | વ્યાજદર | : ૧૧%* તથા ૧૩%* |
| હપ્તો | : રૂા. ૯૬૫/- (પ્રતિ લાખ) | ચુકવણી | : માસિક | ચુકવણી | : વાર્ષિક |
| ચુકવણી | : માસિક | | | | |

* શરતોને આધીન
આજે જ સંપર્ક કરો નજીકની શાખાનો
શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.
મુખ્ય કચેરી : "બનાસ ભવન" ડીસા હાઇવે, પાલનપુર-૩૮૫૦૦૧.
ટેલીફોન નં. લોન : ૨૫૨૩૭૪, PBX (૦૨૭૪૨) ૨૬૧૩૦૫, ૨૬૧૧૪૫
banasbank


### લોર્ડ શ્રીક્રિષ્ણા ટ્રસ્ટ

**નમ્ર અપીલ**

લોર્ડ શ્રીક્રિષ્ણા ટ્રસ્ટના સ્થાપના વર્ષ-૨૦૦૫ થી સંસ્થાએ નવીન દિશાઓમાં શૈક્ષણિક કાર્ય કરતા-કરતા વિવિધ શૈક્ષણિક લાયકાતોથી સરકારી નોકરી મળે તે દિશામાં વિશેષ પ્રયત્નો કરી રાજ્યમાં જુદા-જુદા વિસ્તારના લગભગ ૧૦૦૦ થી વધુ નોકરી વાંચ્છુક ઉમેદવારોને પ્રોત્સાહિત કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરાવેલ છે. જેનાથી હાલમાં નોકરી કરતા ઉમેદવારો તેમજ તેમના વાલીઓ અને સંસ્થા સાથે જોડાયેલ શુભેચ્છક મિત્રો તરફથી લોર્ડ ક્રિષ્ણા ટ્રસ્ટ શિક્ષણ ક્ષેત્રે ખૂબ આગળ વધે તેવા આગ્રહને વશ થઈને તથા સ્વામિનારાયણ ભગવાન તથા પૂજ્ય સંતોના આશીર્વાદ અને કૃપાથી સમાજના કચડાયેલા વર્ગ, મહિલાઓ, શારીરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો તથા ઉત્સાહી યુવાનોને વહેલામાં વહેલી તકે સરકારમાં કે પછી વિદેશમાં જઈને નોકરી મેળવી શકે તેવા વિશિષ્ટ પ્રયોજન થી ખાસ કરીને પશુ પાલન, એગ્રીકલ્ચર, ટેક્નોલોજી, હેલ્થ ક્ષેત્રે ખાસ પ્રકારની **"લોર્ડ ક્રિષ્ણા યુનિવર્સીટી"** સ્થાપવાનું આ સ્વાતંત્ર્ય પર્વના દિવસે નિર્ધારીત કરેલ છે. તો આ મહાયજ્ઞના સેવા કાર્યમાં શુભેચ્છક મિત્રો, સેવાભાવી ટ્રસ્ટો અને ઉદ્યોગપતિઓને ઉદાર હાથે દાન કરવા નમ્ર અપીલ છે. વધુમાં આ **"રોટલા રળાવી શકે તેવુ શિક્ષણ"** આપવાનો હેતુ ખરા અર્થમાં સાર્થર થાય તે માટે સૌ કોઈને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સહભાગી થવા નમ્ર વિનંતી. સૌજન્ય : લોર્ડ શ્રીક્રિષ્ણા ટ્રસ્ટ, મુ.પો. ઈટાડી, તા. મોડાસા, જિ. અરવલ્લી


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com